# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૭/ક્વા-૧/૨૧-૨૨/૪૨૨૫-૭ તા.૧૩-૦૭-૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૭/ક્વા-૧/૨૧-૨૨

અરજદાર: ઇન્ડુસ ટાવર્સ લીમીટેડ ગામ: અમદાવાદ

પેટા વિભાગીય કચેરી: વિંછીયા

રજૂઆત કરનાર: અરજદાર ઇન્ડુસ ટાવર્સ લીમીટેડ વતી તેના પ્રતિનિધિ તરીકે શ્રી ચેતનભાઈ મહેતા અને તેમની સાથે શ્રી નીતેશભાઈ પટેલ હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - જસદણ

રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એસ.જી.દત્તાણી અને તેમની સાથે હિસાબનીશ અધિક્ષક એસ. વી. પાનસુરીયા પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – જસદણ હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પી.જી.વી.સી.એલ. , શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ: ૦૬-૦૭-૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૦૬-૦૭-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **As per representation received from applicant they have received audit recovery bill of INR 328438.00 for recovery of Fix charge, Energy charge & Govt duty and Rs. 57929.00 for recovery units of 7432 kwh from PGVCL and they have paid INR 204990.00 UNDER PROTEST to get justice from CGRF. Details mentioned in following table:**

| Connection No. | Recovery Type | From | To | First Debit In | Bill Amount | Paid Amount |
|---|---|---|---|---|---|---|
| 81845/00417/5 | Fix, Energy & Duty | Feb-14 | Sep-16 | Jul-20 | 78252.94 | 39126 .00 |
| 81802/02778/5 | | Mar-11 | Jun-13 | Jul-20 | 31746.59 | 15609.00 |
| 81814/00380/0 | | Apr-14 | Jun-19 | Jul-20 | 138131.60 | 68857.00 |
| 81861/00322/6 | | Feb-12 | Nov-15 | Jun-20 | 80307.60 | 39941.00 |

| Connection No. | Recovery Type | Lab date | Recoverable Units | First Debit In | Bill Amount | Paid Amount |
|---|---|---|---|---|---|---|
| 81845/00417/5 | Meter change | 05/01/2017 | 4081 | Jun-20 | 32545.98 | 16074.00 |
| 81830/00149/3 | Meter change | 12/10/2017 | 3351 | Jul-20 | 25383.00 | 25383.00 |

**As mentioned in above table, applicants have been charged before the period of 10 years (i.e., Mar-11, Feb-12) in bill of Jul-20 and Jun-20. Therefore, applicant had submitted a request letter on Dtd: 30/03/2021 to revise audit recovery bill and also have submitted reminder email on Dtd: 01/04/2021 for the same requisition but request was declined by informing that bill charged as per rules and regulations by DISCOM.**

**Applicant has mentioned Clauses of GERC (Electricity Supply Code and Regulations Matters) to get relaxations in charged Audit Bill. Further to protect site from disconnection, applicant has paid 50% amount of total charged bill on the date of Dtd: 30/03/2021. Inspite of that applicant is getting disconnection warning from subdivision and informed to pay full amount on any condition.**

**Applicant has requested to investigate the case and provide proper justice.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી નીચેના મુદ્દાઓ મુજબ જવાબ રજુ કરેલ છે.

(૧) અમરાપુર ગામે ભારતી એરટેલ લીમીટેડ ગ્રા.નં.૮૧૮૪૫/૦૦૪૧૭/૫ થી ૨૦ **KW** નું વીજજોડાણ તા.૧૮.૦૨.૨૦૦૮ ના રોજ થી આપવામાં આવેલ છે. સદર વીજજોડાણમાં માહે ફેબ્રુ-૨૦૧૪ થી માહે સપ્ટે-૨૦૧૬ સુધી સિસ્ટમમાં એરરના કારણે વીજભાર ૨૦ **KW** ના બદલે ૦૭ **KW** થઈ જવા પામેલ છે જેના કારણે ઉપરોક્ત સમયગાળા દરમ્યાન (ફેબ્રુ.૨૦૧૪ થી સપ્ટે.૨૦૧૬) સુધી ૦૭ **KW** ના વીજભાર મુજબ બીલીંગ કરવામાં આવતું હતું ત્યારબાદ ઓડીટ ટીમના ધ્યાને આવતા ઉપરોક્ત વીજજોડાણમાં તફાવત ૧૩ **KW** ના ફિક્ષચાર્જની રકમ રૂ.૩૦૪૦૫.૧૪ એનર્જીચાર્જ રૂ.૩૨૧૯૭.૬૦ તથા ઈલેક્ટ્રીસીટી ડયુટીની રકમ રૂ.૧૫૬૫૦.૫૩ થઈને રૂ.૭૮૨૫૨.૯૪ ની રીકવરી કાઢવામાં આવેલ છે તે રકમ

તા.૧૨.૦૬.૨૦૨૦ ના રોજ ગ્રાહકના ખાતામાં ઉધારવામાં આવેલ છે જેની ગણતરીનું સ્ટેટમેન્ટ ફોરમ સમક્ષ રજુ કરેલ છે, જેની નકલ અરજદારને પેટાવિભાગીય વિંછીયા દ્વારા લેખિત પત્ર તા.૨૪-૦૨-૨૦ થી તેઓના બીલમાં જણાવેલ વીજ સરનામાં મુજબ મોકલાવેલ છે.

(૨) ઉપરોક્ત વીજજોડાણ ભારતી એરટેલ લીમીટેડ ગ્રાહક નં ૮૧૮૪૫-૦૦૪૧૭-૫ માં તા.૧૫.૧૦.૨૦૧૬ ના રોજ લોડવધારો માંગતા અરજદારનું જુનું મીટર બદલાવી સ્થળ ઉપર નવું મીટર લગાવી વીજપુરવઠો પૂર્વવત કરાયેલ છે. ત્યારબાદ ગ્રાહકનું જુનું મીટર લેબ ખરાઇ માટે જસદણ ખાતે ટેસ્ટીંગ લેબોરેટરીમાં મોકલવામાં આવતા જુના મીટરમાં તા.૦૫.૦૧.૨૦૧૭ ના લેબ રીપોર્ટ મુજબ ૨૯૬૯૩૬ યુનીટ જોવા મળેલ હતા. જયારે જુના મીટરનું બીલીંગ ૨૯૨૮૫૫ સુધી થયેલ હતું જેથી અત્રેની કચેરી દ્વારા તફાવતના ૪૦૮૧ યુનીટની રકમ રૂ.૩૨૫૪૫.૯૮ ગ્રાહકના બીલમાં તા.૧૬-૦૬-૨૦ ના રોજ ઉધારવામાં આવેલ છે જે કંપનીના પ્રવર્તમાન નિયમ અનુસાર બરાબર છે.

(૩) ફેસલ લીમીટેડ દ્વારા તા.૧૨.૦૪.૨૦૦૬ ના રોજ ૧૫ **KW**નું વીજજોડાણ માંગવામાં આવેલ હતું જે વિંછીયા પેટાવિભાગીય કચેરી હેઠળ ગ્રાહક નં ૮૧૮૦૨-૦૨૭૭૮-૫ થી સિસ્ટમમાં એરરના કારણે સદર વીજજોડાણ માસ માર્ચ-૨૦૧૧ માં ૧૫ **KW** બદલે ૦૩ **KW** નો લોડ થઈ જતા ૦૩ **KW** મુજબ બીલ બનતું હતું પરંતુ ઉપરોક્ત બાબત ઓડીટ ટીમ ના ધ્યાને આવતા ૧૨ **KW** ના તફાવતનું માર્ચ ૨૦૧૧ થી જુન ૨૦૧૩ સુધી ના રૂ.૩૧૭૪૬.૫૯ ની ઓડીટ રીકવરી કાઢવામાં આવેલ છે જે ગ્રાહકના ખાતામાં તા.૧૧-૦૬-૨૦ના ઉધારવામાં આવેલ છે જેની ગણતરીનું સ્ટેટમેન્ટ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

(૪) વાંગધ્રા ગામ ખાતે ઇન્ડુસ ટાવર્સ લીમીટેડ ને ગ્રાહક નં ૮૧૮૧૪-૦૦૩૮૦-૦ થી તા.૧૦.૧૧.૨૦૦૮ ના રોજ ૨૦ **KW** નું વીજજોડાણ આપવામાં આવેલ હતું પરંતુ સિસ્ટમ એરરના કારણે માહે એપ્રિલ-૨૦૧૪ થી જુન-૨૦૧૯ સુધી ૨૦ **KW** ના વીજભારને બદલે ૦૯ **KW** વીજભાર મુજબ બીલ બનેલ છે. જેથી ઓડીટ ટીમ દ્વારા તફાવતના ૧૧ **KW** ની રીકવરી પેટે રૂ.૧૩૮૧૩૧.૬૩ કાઢવામાં આવેલ છે જે ગ્રાહકના ખાતામાં તા.૧૧-૦૬-૨૦ના ઉધારવામાં આવેલ છે જેની ગણતરી નું સ્ટેટમેન્ટ સ્ટેટમેન્ટ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

(૫) ગામ કડુકા ખાતે ઇન્ડુસ ટાવર્સ લીમીટેડ ને ગ્રાહક નં ૮૧૮૬૧-૦૦૩૨૨-૬ થી તા-૦૫.૧૨.૨૦૦૮ ના રોજ ૧૫ **KW** નું વીજજોડાણ આપવામાં આવેલ હતું. પરંતુ માહે ફેબ્રુ-૨૦૧૨ થી માહે નવે-૨૦૧૫ સુધી સદર વીજજોડાણમાં સિસ્ટમ એરરના કારણે ૧૫ **KW** માંથી ૦૭ **KW** નો વીજભાર થઈ જવા પામેલ હતો અને બીલીંગ પણ ૦૭ **KW** મુજબ જ થયેલ હતું જે બાબત ઓડીટ ટીમના ધ્યાને આવતા તફાવતના ૦૮ **KW** વિજભારની રિકવરીની રકમ રૂ.૮૦૩૦૭.૬૦ કાઢવામાં આવેલ છે જે રકમ ગ્રાહકના બીલમાં તા.૧૨-૦૬-૨૦ના રોજ ઉધારવામાં આવેલ છે જેની ગણતરી નું સ્ટેટમેન્ટ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

(૬) મોટામાત્રા ગામ ખાતે આઈડિયા સેલ્યુલર લીમીટેડ ને ગ્રાહક નં ૮૧૮૩૦-૦૦૧૪૯-૩ ના વીજજોડાણનું મીટર તા.૨૧-૦૨-૨૦૦૮ ના રોજ ૧૦ **KW** કરારિત વીજભારનું વીજજોડાણ આપવામાં આવેલ છે. સદર મીટર બળી જવાથી તા.૨૫.૦૮.૨૦૧૭ ના રોજ મીટર બદલવામાં આવેલ હતું. જેથી સપ્ટે-૨૦૧૭ ના બીલીંગ દરમ્યાન ગ્રાહકને ૧૧૫૭ યુનિટનું બિલ આપવામાં આવેલ હતું ખરેખર મીટર બળેલ હોય તો અગાઉના ૦૩ માસના એવરેજ બીલ (જુન-૨૦૧૭ થી ઓગસ્ટ-૨૦૧૭ મુજબ) ગણતરી કરીને ૩૩૫૧ યુનિટના બીલની રકમ રૂ.૨૫૩૮૩.૦૦ ગ્રાહકના ખાતે તા.૧૮-૦૬-૨૦૨૦ના રોજ ઉધારવામાં આવેલ છે

જે કંપનીના નિયમ અનુસાર બરાબર છે જેની ગણતરીનું સ્ટેટમેન્ટ તથા બળેલ મીટર અંગેનો તા.૧૨.૧૦.૨૦૧૭ નો લેબ રીપોર્ટ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ (૧)ગ્રાહક નં- ૮૧૮૪૫-૦૦૪૧૭-૫ (૨૦ **KW**), (૨)ગ્રાહક નં- ૮૧૮૦૨-૦૨૭૭૮-૫ ગ્રાહક નં- (૧૫ **KW**), (૩)ગ્રાહક નં- ૮૧૮૧૪-૦૦૩૮૦-૦ (૨૦ **KW**), (૪)ગ્રાહક નં- ૮૧૮૬૧-૦૦૩૨૨-૬ (૧૫ **KW**), (૫) ગ્રાહક નં- ૮૧૮૩૦-૦૦૧૪૯-૩ (૧૦ **KW**) ના સદર વીજજોડાણ વિંછીયા પેટાવિભાગીય કચેરી હેઠળ ધરાવે છે. જેમાં પી.જી.વી.સી.એલ. પેટાવિભાગીયના પત્ર તા.૨૪-૦૨-૨૦૨૧ મુજબ વાર્ષિક ઓડીટ અન્વયે સદર વીજજોડાણોમાં ઓડીટ રીકવરી કરવાની થતી હોય જેની વિગતવાર પત્રક સાથે અરજદારને જાણકારી આપેલ છે.

૪.૨ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા વિંછીયા પેટાવિભાગીય કચેરીનું નાણાકીય વર્ષ -૨૦૧૭-૧૮ ના સમયગાળાનું ઓડીટ તા.૦૩-૦૭-૧૯ થી તા.૧૧-૦૭-૧૯ દરમ્યાન ઓડીટ સેલ સુરેન્દ્રનગર વર્તુળ કચેરી દ્વારા કરેલ હતું જેનો રીપોર્ટ ઓડીટર દ્વારા લેખિત પત્ર નં – **SNR/CO/Audit/5413 Dt:03-08-19** થી નાયબ ઈજનેર વિંછીયા પેટાવિભાગીય કચેરીને જાણકારી આપેલ છે. સદર ઓડીટ રીપોર્ટ મુજબ અરજદારના વીજ જોડાણોમાં ઓડીટ રીકવરીની વિગતો નીચે મુજબ છે.

(૧) અમરાપુર ગામે ભારતી એરટેલ લીમીટેડ ગ્રા.નં.૮૧૮૪૫/૦૦૪૧૭/૫ થી ૦૭ **KW** નું એનઆરજીપી કેટેગરીનું વીજજોડાણ તા.૧૮.૦૨.૨૦૦૮ ના રોજ થી આપવામાં આવેલ છે. જેમાં પી.જી.વી.સી.એલ.ની રજૂઆત મુજબ અરજદારની અરજીના આધારે તા.૨૭-૦૪-૨૦૧૦ થી ૦૭ **KW** + ૧૩ **KW** એમ કુલ ૨૦ **KW** નું વીજજોડાણ કરેલ અને તા.૧૨-૦૯-૨૦૧૬ ના રોજ ફરીથી લોડ વધારો ૨૦ **KW** + ૧૦ **KW** કરતા કુલ ૩૦ **KW** નું જોડાણ તા.૨૬-૧૦-૨૦૧૬ થી અમલમાં છે.

સદર વીજજોડાણમાં માહે ફેબ્રુ-૨૦૧૪ થી માહે સપ્ટે-૨૦૧૬ સુધી સિસ્ટમમાં એરરના કારણે તા.૦૫.૦૩.૨૦૧૪ થી વીજભાર ૨૦ **KW** ના બદલે ૦૭ **KW** થઈ જવા પામેલ છે જેના કારણે વીજજોડાણમાં તફાવત ૧૩ **KW** ના કુલ રકમ રૂ.૭૮૨૫૨.૯૪ ની રીકવરી કાઢવામાં આવેલ છે તે રકમ તા.૧૨.૦૬.૨૦૨૦ ના રોજ ગ્રાહકના ખાતામાં ઉધારવામાં આવેલ છે.

(૨) ઉપરોક્ત વીજજોડાણ ગ્રા.નં.૮૧૮૪૫/૦૦૪૧૭/૫ માં હૈયાત ૨૦ **KW** ના જોડાણમાં ૧૦ **KW** નો લોડવધારો માંગતા અરજદારનું જુનું મીટર તા.૧૫.૧૦.૨૦૧૬ ના રોજ ચેકિંગ શીટ નં. **RRC**-૫૦૭૧૨૮ મુજબ જુનું મીટર L&T કંપનીનું મીટર ૧૦-૬૦ Amp. સીરીઅલ નં.૦૭૩૯૨૬૭૪ અને મીટરના રીડીંગ નોંધ કરાયેલ છે. જે MMB સહીત મીટર બદલાવી સ્થળ ઉપર નવું મીટર સિક્યોર કંપની નું ૧૦૦-૫ Amp. મીટર સીરીયલ નં. PG-૦૭૧૦૫૪ અને જેમાં શરૂઆતના રીડીંગ ૦૫ (પાંચ) થી નોંધ થયેલ છે. સદર મીટર લગાવી વીજપુરવઠો પૂર્વવત કરાયેલ છે. તેમજ સદર મીટરની ચકાસણી માટે અરજદારને તા.૧૫.૦૧૨.૨૦૧૬, તા.૨૨.૧૨.૨૦૧૬ અને તા.૨૯.૧૨.૨૦૧૬ ના હાજર રહવા માટે તા.૦૬.૧૨.૨૦૧૬ થી લેખિત જાણકારી અપાયેલ છે. પરંતુ અરજદાર એકપણ મુદતમાં હાજર રહેલ ન હોવાથી પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા જસદણ ખાતે મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં તા.૦૫.૦૧.૨૦૧૭ ના

એકતરફી તપાસણી કરેલ જેના રીપોર્ટ મુજબ મીટરમાં રીડીંગ ૨૯૬૯૩૬.૧૫ યુનીટ જોવા મળેલ હતા. જયારે સદર મીટરનું તા.૧૪.૦૯.૨૦૧૬ ના રોજ થયેલ બિલીંગ મુજબ વીજ બીલમાં ૨૯૨૮૫૫ રીડીંગ નોંધાયેલ છે. તે મુજબ ઓડીટના રીપોર્ટ મુજબ તફાવતના ૪૦૮૧ યુનીટની રકમ રૂ.૩૨૫૪૫.૯૮ ગ્રાહકના બીલમાં તા.૧૬.૦૬.૨૦૨૦ ના રોજ ઉધારવામાં આવેલ છે.

(૩) વિંછીયા પે.વિ.ક. હેઠળ ગ્રા.નં. ૮૧૮૦૨/૦૨૭૭૮/૫ થી ૧૫ **KW**નું વીજજોડાણ તા.૧૨.૦૪.૨૦૦૬થી રીલીઝ કરવામાં આવેલ છે. સદર વીજ જોડાણમાં સિસ્ટમમાં એરરના કારણે માહે માર્ચ-૨૦૧૧માં ૧૫ **KW** ના વીજભાર ના બદલે ૦૩ **KW** નો વીજભાર થઈ જતા ૦૩ **KW** મુજબ બીલ બનતું હતું પરંતુ ઉપરોક્ત બાબત ઓડીટ ટીમના ધ્યાને આવતા ૧૨ **KW**ના તફાવતનું માર્ચ-૨૦૧૧ થી જુન-૨૦૧૩ સુધી ના રૂ.૩૧૭૪૬.૫૯ ની ઓડીટ રીકવરી કાઢવામાં આવેલ છે જે ગ્રાહકના ખાતામાં તા.૧૧.૦૬.૨૦૨૦ના ઉધારવામાં આવેલ છે.

(૪) વાંગધ્રા ગામ ખાતે ઇન્ડુસ ટાવર્સ લીમીટેડ ને ગ્રા.નં. ૮૧૮૧૪/૦૦૩૮૦/૦ થી તા.૧૦.૧૧.૨૦૦૮ ના રોજ ૨૦ **KW** નું વીજજોડાણ રીલીઝ કરવામાં આવેલ હતું. સદર વીજ જોડાણમાં સિસ્ટમ એરરના કારણે તા.૨૪.૦૪.૨૦૧૪ થી ૨૦ **KW** ના વીજભાર ને બદલે ૦૯ **KW** વીજભાર થઈ જતા ૦૯ **KW** મુજબ બીલ બનતું હતું પરંતુ ઉપરોક્ત બાબત ઓડીટ ટીમના ધ્યાને આવતા ૧૧ **KW**ના તફાવતનું એપ્રિલ-૨૦૧૪ થી જુન-૨૦૧૯ સુધી ના રૂ. ૧૩૮૧૩૧.૬૩ ની ઓડીટ રીકવરી કાઢવામાં આવેલ છે જે ગ્રાહકના ખાતામાં તા.૧૧.૦૬.૨૦૨૦ના ઉધારવામાં આવેલ છે.

(૫) કડુકા ગામ ખાતે ઇન્ડુસ ટાવર્સ લીમીટેડને ગ્રા.નં.૮૧૮૬૧/૦૦૩૨૨/૬ થી તા.૦૫.૧૨.૨૦૦૮ ના રોજ ૧૫ **KW** નું વીજજોડાણ રિલિઝ કરવામાં આવેલ હતું. સદર વીજજોડાણમાં સિસ્ટમ એરરના કારણે તા. ૨૮.૦૨.૨૦૧૨ થી ૧૫ **KW** માંથી ૦૭ **KW** નો વીજભાર થઈ જવા પામેલ હતો અને બીલીંગ પણ ૦૭ **KW** મુજબ જ થયેલ હતું જે બાબત ઓડીટ ટીમના ધ્યાને આવતા ૦૮ KW તફાવતનું ફેબ્રુ-૨૦૧૨ થી માહે નવે-૨૦૧૫ સુધી રકમ રૂ.૮૦૩૦૭.૬૦ કાઢવામાં આવેલ છે જે ગ્રાહકના ખાતામાં તા.૧૨.૦૬.૨૦૨૦ના ઉધારવામાં આવેલ છે.

(૬) મોટામાત્રા ગામ ખાતે આઈડિયા સેલ્યુલર લીમીટેડ ને ગ્રા.નં.૮૧૮૩૦/૦૦૧૪૯/૩ થી તા.૨૧-૦૨-૨૦૦૮ ના રોજ ૧૦ **KW** કરારિત વીજભારનું વીજજોડાણ રીલીઝ કરવામાં આવેલ છે. સદર મીટરનો ડિસપ્લે બંધ હોય તા.૨૫.૦૮.૨૦૧૭ થી ચેકિંગ શીટ ન. RRC-૫૧૩૩૬૬ મુજબ જીનસ કંપનીનું મીટર સીરીઅલ નં.૩૯૮૨૮૭ અને મીટરના રીડીંગ અવાચ્ય બતાવેલ છે. સદર મીટર અરજદારના પ્રતિનિધિની હાજરીમાં બદલવામાં આવેલ છે. ત્યારબાદ તા.૧૨.૧૦.૨૦૧૭ ના રોજ અરજદારના પ્રતિનિધિની હાજરીમાં મીટરની ચકાસણી કરેલ જેના રીપોર્ટ મુજબ મીટરની આંતરિક રચના બળેલ હોય કંપનીના નિયમાનુસાર કાર્યવાહી કરેલ. સદર બાબત ઓડીટને ધ્યાનમાં આવતા ઓડીટ રીપોર્ટ મુજબ સપ્ટે-૨૦૧૭ના બીલીંગ દરમ્યાન ગ્રાહકને ૧૧૫૭ યુનિટનું બિલ આપવામાં આવેલ હતું ખરેખર મીટર બળેલ હોય તો અગાઉના ૦૩ માસના એવરેજ બીલ (૪૫૦૮ યુનિટ - જુન-૨૦૧૭ થી ઓગસ્ટ-૨૦૧૭ મુજબ) ગણતરી કરીને ૩૩૫૧ (૪૫૦૮ – ૧૧૫૭) યુનિટના બીલની રકમ રૂ.૨૫૩૮૩.૦૦ ગ્રાહકના ખાતે તા. ૧૮-૦૬-૨૦૨૦ના રોજ ઉધારવામાં આવેલ છે.

૪.૩ સપ્લાયકોડના નોટીફીકેશન નં. ૬.૮૪ મુજબ "કોઇપણ ગ્રાહક પાસે ચુકવણીમાં ક્સુરને કારણે બાકી નીકળતી રકમ - આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૦૨ વર્ષ ની મૂદત પછી વસુલવા પાત્ર થશે નહિ - સિવાય કે આવી રકમ અધિનિયમ ની કલમ–૫૬ અનુસાર પૂરી પડેલી વીજળી માટે ખર્ચ ની બાકીની રકમ તરીકે સતત દર્શાવવામાં આવી હોય."

૪.૪ સપ્લાયકોડની ઉપરોક્ત શરતો મુજબ એરીયર્સની રીકવરી માટે છેલ્લા ૦૨ વર્ષથી વિશેષ રકમનું પુરવણીબીલ આપી શકાય નહિ તે મુજબ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબ પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અપાયેલ પુરવણી બીલ રદ કરીને નીચે મુજબની કાર્યવાહી કરવા માટે પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

| ગ્રાહક નંબર | ઓડીટ રીપોર્ટ મુજબ રીકવરી પીરીયડ | ઓડીટ રીપોર્ટ મુજબ પુરવણી બીલની રકમ (રૂ.) અને બિલીંગ સીસ્ટમમાં અપાયેલ અસરકર્તા તારીખ | | ફોરમ કમિટીનો નિર્ણય |
|---|---|---|---|---|
| ૮૧૮૪૫-૦૦૪૧૭-૫ | ફેબ્રુ-૨૦૧૪ થી સપ્ટે-૨૦૧૬ | રૂ. ७८२५२.६४ | ૧૨.૦૬.૨૦૨૦ | ઓડીટ રીપોર્ટની રકમ સપ્લાયકોડ ૪/૧૫ ના મુદ્દા નં. ૬.૮૪ મુજબ વસુલાતને પાત્ર નથી. જેથી સદર પુરવણી બીલ રદ કરવા. |
| ૮૧૮૪૫-૦૦૪૧૭-૫ | જાન્યુ.-૨૦૧૭ (પેન્ડીંગ યુનિટ ૪૦૮૧) | રૂ. ૩૨૫૪૫.૯૮ | ૧૬.૦૬.૨૦૨૦ | |
| ૮૧૮૦૨-૦૨૭૭૮-૫ | માર્ચ-૨૦૧૧ થી જુન-૨૦૧૩ | રૂ. ૩૧૭૪૬.૫૯ | ૧૧.૦૬.૨૦૨૦ | |
| ૮૧૮૬૧-૦૦૩૨૨-૬ | ફેબ્રુ-૨૦૧૨ થી માહે નવે-૨૦૧૫ | રૂ. ૮૦૩૦૭.૬૦ | ૧૨.૦૬.૨૦૨૦ | |
| ૮૧૮૩૦-૦૦૧૪૯-૩ | ઓકટો.-૨૦૧૭ (બળેલ મીટર-સરેરાશ વપરાશ ૩૩૫૧ યુનિટ) | રૂ. ૨૫૩૮૩.૦૦ | ૧૮.૦૬.૨૦૨૦ | |
| ૮૧૮૧૪-૦૦૩૮૦-૦ | એપ્રિલ-૨૦૧૪ થી જુન-૨૦૧૯ | રૂ. ૧૩૮૧૩૧.૬૩ | ૧૧.૦૬.૨૦૨૦ | ઓડીટ રીપોર્ટની રકમ સપ્લાયકોડ ના મુદ્દા નં. ૬.૮૪ મુજબ પુરવણી બીલ રદ કરીને જુન-૨૦૧૮ થી જુન-૨૦૧૯ સુધી ના સમયગાળાનું રીવાઈઝ બીલ આપવું.(તા.૧૧-૦૬-૨૦ થી અગાઉના ૦૨ વર્ષ – સદર કેઈસમાં જુન-૨૦૧૮ થી જુન-૨૦૧૯) |

તદઉપરાંત, અરજદાર દ્વારા ભરપાઈ કરેલ ૫૦% રકમ રીવાઈઝડ સપ્લીમેન્ટરી બીલ સામે એડજેસ્ટ કરવી. વધુમાં ઉપરોક્ત બાબતે સ્પષ્ટ થાય છે કે પી.જી.વી.સી.એલ.ના જવાબદાર અધિકારી/ કર્મચારી દ્વારા જે-તે સમયે સદર રકમની વસુલાત કરવા માટે યોગ્ય કાર્યવાહી થયેલ હોત તો સદર તકરાર ઉદ્ભવેલ ન હોત જેથી જવાબદાર અધિકારી/ કર્મચારી સામે કંપનીના નિયમ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે તેમજ સદર પ્રકારની તકરાર ભવિષ્યમાં ઉભી ન થાય તે અંગે તકેદારીના યોગ્ય પગલા લેવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે.

**૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.**

**૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.**

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯